# ઈજારદારશ્રીઓ માટે વિશેષ નોંધ

## ઉપરોક્ત ટેન્ડરની આઈટમોના ભાવ ભરતી વખતે ઈજારદારશ્રીએ નીચેની બાબતોની ખાસ નોંધ લેવી

(૧) બાંધકામમાં વાપરવામાં આવનાર ઈંટોચીમની ભઠાની તથા સ્પેશ્યલ કપચી, ગ્રીટ, રેતી વગેરે મટીરીયલ્સ સદર કામના ટેન્ડરના સ્પેશીફીકેશન પ્રમાણેનું ઉચ્ચ ગુણવતા ધરાવતું લાવવાનું રહેશે (સ્પેશ્યલ કક્ષા)

(૨) લાકડાની આઈટમમાં ઉપયોગમાં લેવાનું લાકડું સ્પેશીફીકેશન પ્રમાણે ફકત સાગનું જ લાવવાનું રહેશે

(૩) બારી-બારણાના ફ્રેમ અને શટર માટે ઉપયોગમાં લેવમાં આવનાર એલ્યુમીનીયમ સેકશ આઈટમના સ્પેશીફીકેશન પ્રમાણેન સાઈઝનું અને એકમ વજનનં હોવુ જરુરી છે.તેમજ જે તે એલ્યુમીનીયમ સેકશન સક્ષમ કક્ષાની પાસે મંજુર કરાવીને જ વાપરવાનું રહેશે.

(૪) સેનેટરી મટીરીયલ્સ સ્પેશીફીકશનમાં દર્શાવ્યા પ્રમાણે સાઈઝનું -ધોરણવાળા અને સક્ષમ કક્ષોએ મંજુર કરેલ સેમ્પલ મુજબના જ લાવવાના રહેશે.

(૫) બારી-દરવાજાના ફીકચર-ફાસ્ટનીંગ સ્પેશીફીકેશન પ્રમાણેના ધારા ધોરણવાળા અને સક્ષમ કક્ષાએ મંજુર કરેલ સેમ્પલ મુજબ જ લાવવાના રહેશે.

(૬) સદર કામમાં વાપરવામાં આવનાર ફલોરીંગ માટેની ટાઈલ્સ અને કોટા સ્ટોન સ્પેશીફીકેશન પ્રમાણેના જ જાડાઈના અને ઉચ્ચ ગુણવતા ધરાવતા હોવા જોઈએ અને સેમ્પલ સક્ષમ કક્ષાએ મંજુર કરાવ્યા મુજબનો જથ્થો લાવવાનો રહેશે.

(૭) બાંધકામમાં વાપરવામાં આવનાર માલસામાન એન્જીનીયર ઈનચાર્જ દવારા એપ્રુવ્ડ સેમ્પલ મુજબના વાપરવાનો રહેશે.

(૮) સંપુર્ણ કામની વર્કમેનશીપ લાઈન લેવલમાં જોવી જોઈએ તેમજ પોલીશીંગ અને ફીનીશીંગની કામગીરી ઉચ્ચ કક્ષાની કરવાની રહેશે.

(૯) ટેન્ડર સાથે યંત્રો, ઓજારો તથા ચાલુ હાથ પરના કામોની વિગત ઈજારદારશ્રી દવારા પુરી પાડવાની રહેશે.

(૧૦)બીલ દર મહીને રજુ કરવા બાબતઃઆગલા માસમાં કરી આપેલ બધાં કામ માટે હવાલાના ઈજનેરે નકકી કરેલ હોય તે તારીખ અથવા તે પહેલાં દર મહીને કોન્ટ્રાકટરે બીલ રજ્ કરવાનું રહેશે અને એ કામની ખરાઈ કરવાના ઉદેશ્યથી હવાલાના ઈજનેર જરુરી માપ લેશે અથવા લેવડાવશે અને બીલ રજુ થયા બાદ ગ્રાંટ અથવા એલ.ઓ.સી. ઉપલબ્ધ થયે તેનું ચુકવણું કરવામાં આવશે. કામ થયા બાદ તેના બીલનું ચુકવણું વિલંબથી થાય તો તે અંગે કોઈ વ્યાજ ચુકવવાપાત્ર બનશે નહીં. ઉપર જણાવ્યા મુજબના નિયત સમયની અંદર કોન્ટ્રાકટર બીલ રજુ નહીં કરે તો હવાલાના ઈજનેર પોતાના તાબાના કોઈપણ અધિકારીને કોન્ટ્રાકટરે અધિકૃત કરેલ એજન્સીની હાજરીમાં ઉકત કામનું માપ લેવા મોકલશે અને તેની માપયાદી પરની કોન્ટ્રાકટરની કે તેના એજન્ટની સહી, તેના અનુમોદન માટે પુરતી ગણાશે અને હવાલાના ઈજનેર આવી યાદીમાંથી બીલ બનાવશે, જે કન્ટ્રાકટરને બધી બાબતમાં બંધનકર્તા રહેશે.

ઠેકેદારશ્રીની સહી................

## વિધુતીકરણના કામ માટે ઈજારદારશ્રીઓને અગત્યની સુચના

(૧)

સીવીલ કામ કરતા સાથે કરવાના થતા વિધુતીકરણના કામ સરકારશ્રી દવારા િ નયત લયસન્સ ધરાવતા ઈલેકટ્રીશીયન અથવા વાયરમેન દવારા કરાવવાના રહેશે. સીવી લ કામ સાથે જેટી રકમનું વીજળીકરણનું કામ હશે તે કિંમતના પ્રમાણાં માર્ગ અને મ કાન(વિધુત) વિભાગ પ્રમાણે જે તે કેટેગરી માં નોંધાયેલ વિધુત ઈજારદાર પાસે કામ કરાવવાનું રહેશે.

(૨)

કામના ઈન્ચાર્જ ઈજનેર દવારા વિધુતીકરણના કામ કરતા ઈલેકટ્રીશીયન અને વાયરમેનનું જયારે સરકારશ્રી દવારા ઈશ્યુ કરેલા લાયસન્સની માગણી કરવામાં આવે ૮ યારે અલસમાં ચકાસણી અર્થે રજુ કરવાનું રહેશે.

(૩)

જે ઈજારદાર કામ આપવામાં આવે ત્યારે ઈજારદારશ્રીએ સીવીલ કામ સાથે વિ ધુતીકરણનું કામ સરકારશ્રી દવારા આપેલ નોંધણી ધરાવતા વિધુતની કામગીરી માટેન ા ઈજારદારની નોંધણીનું પ્રમાણિત લાયસન્સ ધરાવતા ઈલેકટ્રીશીયન અને વાયરમેનનું નામ તેની વિગતો વર્ક ઓર્ડર આપતા પહેલાં આ કચેરીને રજુ કરવાની રહેશે જેથી િ વધુતીકરણના કામની કામગીરી દરમ્યાન ક્ષતિયુકત કામગીરીથી કોઈ જીવલેણ અકસ્મા

તનો પ્રસંગ ઉપસ્થિત થાય તો આ કચેરી દવારા નિયમાનુસાર કાયદાકીય પગલાં લેવા ની સરળતા રહે.

(૪)

વિદ્યુતીકરણના કામોમાં વપરાશમાં લેવાના થતા માલસામાન, સાધનો, ઈકવીપમેન્ટસ સરકારશ્રીના વિદ્યુત વિભાગ દવારા મંજુર કરેલ પ્રમાણિત કેટેગરીના જ રહેશે. જો તેની નિયત ગુણવતા માટે સરકારશ્રીની માન્ય સંસ્થા જેવી કે 'એરડા' વડોદરામાં ટેસ્ટીંગ કરાવવાનો પ્રશ્ન થશે તો તે અંગેના ટેસ્ટીંગનો ખર્ચ ઈજારદારશ્રીએ ચુકવવાનો રહેશે.

(૫)

વિદ્યુતીકરણ કામમાં વપરાશમાં લીધેલ માલસામાન અને ઈકવીપમેન્ટ નિયત માપ દંડ વગરના તેમજ તાંત્રિક ગુણવતા ન ધરાવતા ધ્યાને આવતા તુર્ત જ સુચનાનુસાર બદલાવવાના રહેશે અને તેનું નિયત ચુકવણું ત્યારબાદ જ કચેરી દવારા ઈજારદારશ્રીને બીલમાં કરવામાં આવશે.

(૬)

વિદ્યુતીકરણના કરેલ કામના જે તે ટેસ્ટીંગ રીપોર્ટ નિયમાનુસાર જે તે વિદ્યુત સપ્લાય કંપની પાસેથી મેળવી આપવાની કામગીરી અને તે અંગે ચુકવવી પડતી રકમ ઈજારદારશ્રીએ ચુકવવાની રહેશે અને તે અંગે આ કચેરી તરફથી આવી કોઈ પ્રકારની અલગ ફીની ચુકવણી કરવામાં આવશે નહીં.

(૭)

નવા વિદ્યુત જોડાણ માટે જી.ઈ.બી. અથવા એ.ઈ.સી. ને ચુકવવાની થતી નિયમોનુસારની રકમ પ્રથમ ઈજારદારશ્રીને ચુકવવાની રહેશે અને ત્યારબાદ ચુકવેલ રકમના બીલ અને વાઉચર આ કચેરીમાં રજુ કરતાં તે રકમ ઈજારદારશ્રીને પરત કરવામાં આવશે

ઠેકેદારશ્રીની સહી – સિક્કો ................